PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૧/કંવા–૦૨/૧૬–૧૭/ ૧૦૫૬૪ તા. ૨૮/૧૧/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
આશીષકુમાર મનસુખલાલ ગજેરા,
–શ્રી હરી– કે.વી.રોડ, વર્ધમાન નગર,,
રામજી મંદીર સામે,,
ગોંડલ –૩૬૦૩૧૧
મો: ૯૮૭૯૫ ૧૬૫૧૨, ૯૯૭૮૮ ૮૮૭૮૮

વિષય :–વીજબીલ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૧/કવા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૬)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**કેસ નં. : સીજીઆરએફ : ૬૧/ક્વા–૦૨/૧૬–૧૭** **કમિટિ મીટીંગ તા.૩૧–૦૮–૧૬** **સ્થળ :–રાજકોટ**

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: આશીષકુમાર મનસુખલાલ ગજેરા,ગામ: ગોંડલ**

**રજુઆત કરનાર : વસુંધરા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ના પાર્ટનર આશીષકુમાર મનસુખલાલ ગજેરા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :સી.કે.પટેલ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ગોંડલ**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ :** **પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ઔદ્યોગીક વીજજોડાણ નં.:૩૩૧૪૩/૦૦૪૭૮/૯ (૭૨ હોપા) નુ મીટર, માહે જુલાઈ–૧૪ ના સમયગાળા દરમ્યાન, '' ડિસ્પ્લે ડીસ એપીયર '' જણાયેલ હોય, આવા કારણોસર, તેઓને માહે જુલાઈ–૧૪ મા ૧૯,૯૫૦ યુનીટ નુ, તા.૧૪–૦૭–૧૪ ના રોજ બીલ આપવામા આવેલ હતુ. જેથી, તેઓ શ્રી એ, સદર ક્ષતિગ્રસ્ત મીટર બદલાવવા માટે ની ત્વરીતે, એટલેકે તા.૧૪–૦૭–૧૪ ના રોજ પીજીવીસીએલ મા લેખીત અરજી આપેલ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી, તેમના જોડાણ નુ મીટર ત્વરીત ન બદલતા, અક્ષમ્ય વિલંબીત સમયગાળા બાદ, એટલેકે તેઓની અરજી તા.૧૪–૦૭–૧૪ ના રોજ આપેલ હોવા છતા, અરજી આપ્યા પછી ના આશરે ૪૨ દિવસ પછી, એટલેકે તા.૨૫–૦૮–૧૪ ના રોજ બદલવામા આવેલ હતુ.પીજીવીસીએલ ની આવી બેદરકારી ના કારણોસર, માહે ઓગષ્ટ –૧૪ ના સંપુર્ણ બીલીંગ સમયગાળા દરમ્યાન જોડાણ મા ક્ષતિગ્રસ્ત મીટર રહેલ હોવાથી, તેમને માહે ઓગષ્ટ –૧૪ નુ તા.૧૩–૦૮–૧૪ ના રોજ, ક્ષતિગ્રસ્ત મીટર હેઠળ નુ, ૧૯,૯૫૦ યુનીટ નુ વીજબીલ અપાયેલ હતુ. અને ત્યારબાદ ના સપ્ટેમ્બર–૧૪ ના બીલીંગ સમયગાળા મા પણ, તા.૨૪–૦૮–૧૪ સુધી ક્ષતિગ્રસ્ત મીટર સ્થળ પર હૈયાત હોવાથી, સપ્ટેમ્બર–૧૪ નુ, તા.૧૩–૦૯–૧૪ ના રોજ, ક્ષતિગ્રસ્ત મીટર હેઠળ નુ, ૧૯,૯૫૦ યુનીટ નુ વીજબીલ અપાયેલ હતુ. આમ, પીજીવીસીએલ કક્ષાની અક્ષમ્ય બેદરકારી ના કારણોસર જ, તેઓને, ખાસ કરીને, ઓગષ્ટ–૧૪ અને સપ્ટેમ્બર –૧૪ ના બન્ને વીજબીલો, જે ક્ષતિગ્રસ્ત મીટર સમયસર ન બદલવાના કારણોસર, પ્રતિ ૧૯,૯૫૦ યુનીટ ના વીજબીલો મળેલ હતા. જે ખરેખર તેઓ માટે આર્થિક નુકશાની સમાન છે. |
| ૧.૨ | અરજદાર ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા કરી અને જણાવે છે કે, તેઓ શ્રી નુ સદર એકમ જે – ઓઈલ (ખાદ્ય તેલ) ઉત્પાદકીય યુનીટ છે. અને માહે, મે માસ થી ઓકટોબર માસ સુધી, મગફળી ની આવક ન હોય, મોટે ભાગે ઓફ સીઝન હોય, આ સમયગાળા મા, ત્રુટક ત્રુટક રીતે શીંગદાળા સીવાય ના તેલીબીયા નુ પીલાણ ચાલુ હોય, આ સમયગાળા દરમ્યાન વીજવપરાશ મોટેભાગે નહીવત રહેતો હોય છે. માત્ર, ઓફિસ અને સામાન્ય કામકાજ માટે સીંગલ ફેઈઝ વીજવપરાશ ચાલુ રહેતો હોય છે. અરજદાર સ્પષ્ટતા સાથે જણાવે છે કે, તેમના સદર ઉત્પાદકીય એકમ ની સ્થિતી પણ, માહે મે માસ થી ઓકટોબર માસ સુધી મહદઅંશે ઓફ સીઝન ની રહેલ હતી. તેમ છતા, તેમના સદર જોડાણ મા, સીઝન ના સમયગાળા ની વાસ્તવિક બીલીંગ વીજવપરાશ ના ધોરણે, ખાસ કરીને, માહે ઓગષ્ટ–૧૪ અને સપ્ટેમ્બર –૧૪ ના જે ૦૨ વીજબીલો, જે પ્રત્યેક ૧૯,૯૫૦ યુનીટ ના અપાયેલ છે, તે બન્ને બીલો, વ્યાજબી પણા હેઠળ ના નથી, પરંતુ માત્ર અને માત્ર પીજીવીસીએલ ની, મીટર બદલાવવા બાબતેની, બેદરકારી યુકત અક્ષમ્ય વિલંબીતતા ના કારણોસર ના જ હોય, સદર ૦૨ બીલો ને, ન્યાયિક રીતે મુલવવા માટે, તેમના જોડાણ ના સવાલવાળા જુના મીટર ને, ગુણવતા યુકત એવી યોગ્ય તાંત્રીક ચકાસણી કરી, મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મેળવી, જરૂર જણાયે મીટર કંપની નો, મીટર ની ખરી તાંત્રીક સ્થિતી બાબતે નો, ખાસ અભિપ્રાય મેળવી અને, જોડાણ ના વીજભાર ની ક્ષમતા, જોડાણ મા મીટર બદલાવ્યા પહેલાના ૦૫ વર્ષ અને મીટર બદલાવ્યા પછી ના આજદિન સુધી ના માહે સીઝન (મે થી ઓકટોબર) તથા ઓફ સીઝન (નવે થી એપ્રીલ) દરમ્યાન પ્રત્યેક વર્ષ મા, સ્થપાયેલ પ્રતિ બીલ સરેરાશ બીલીંગ યુનીટ, નવા મીટર મા નોંધાયેલ યુનીટ, તેમજ સીઝન /ઓફ સીઝન ના સમયગાળા ના મહિનાઓ હેઠળ દરમ્યાન ની, ખરેખર વપરાશી વીજભાર અને વીજ યુનીટ વગેરે ની તમામ સ્થિતી ની બાબતો નજર સમક્ષ રાખી અને તેમને અપાયેલ સદર સવાલવાળા (૧) જુલાઈ–૧૪ (૨) ઓગષ્ટ–૧૪ (૩) સપ્ટેમ્બર–૧૪ ના કુલ ૦૩ વીજબીલો ના, પ્રત્યેક ના ૧૯,૯૫૦ યુનીટ ને, ન્યાયિક રીતે મુલવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી મેસર્સ વસુંધરા ઓઈલ મીલ, ગોંડલ ને, તેઓના ઓદ્યોગીક વીજજોડાણ નં.:૩૩૧૪૩/૦૦૪૭૮/૯ (૭૨ હોપા) મા માહે જુલાઈ–૧૪ નુ, '' ડિસ્પ્લે ડીસ એપીયર '' મુજબ નુ તા.૧૪–૦૭–૧૪ ના રોજ, '' ફોલ્ટી મીટર સ્ટેટસ મુજબ નુ '' ૧૯,૯૫૦ યુનીટ નુ, વીજબીલ, પીજીવીસીએલ તરફથી આપવામા આવતા, અરજદાર શ્રી એ, સદર '' ડિસ્પ્લે ડીસ એપીયર '' વાળુ મીટર બદલાવવા માટે ની, તા.૧૪–૦૭–૧૪ ના રોજ સબંધક પેટા વિભાગીય કચેરી મા લેખીત અરજી આપેલ હતી. ઓદ્યોગીક વીજજોડાણ ના ક્ષતિગ્રસ્ત મીટરો, જે – પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી કક્ષાના અહેવાલ / ગ્રાહક ની રજુઆત – ના અનુસંધાને, ત્વરીતે જ બદલાવવાની, પીજીવીસીએલ મા પ્રણાલી રહેલ છે. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર ક્ષતિગ્રસ્ત મીટર, જે ફરીયાદી અરજદાર શ્રી ની તા.૧૪–૦૭–૧૪ ના રોજ ની અરજી પછી ના આશરે ૪૨ દિવસો બાદ, એટલેકે તા.૨૫–૦૮–૧૪ ના રોજ કોઈ અચોકકસ સંજોગો ના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી બદલાવવા મા આવેલ હતુ. |
| **૨.૨** | ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની તા.૧૪–૦૭–૧૪ ના રોજ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ચેકીંગ શીટ નં. : ૨૬૦૬૮ થી તા.૨૫–૦૮–૧૪ ના રોજ, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ સીકયોર કંપની નુ મીટર નં. પીજી ૧૧૬૯૬૭, જે સ્થળ પર થી ઉતારી અને બદલાવી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે, ''મીટર નો ડિસ્પ્લે ડીસ એપીયર '' હોય, તેમા છેલ્લા નોંધાયેલ રીડીંગ જણાયેલ ન હતા. ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર સવાલવાળુ સીકયોર કંપની નુ મીટર નં. પીજી ૧૧૬૯૬૭, જે ફરીયાદી અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૧૩–૧૦–૧૪ ના રોજ, પીજીવીસીએલ ની વિભાગીય કચેરી જુનાગઢ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, '' બેટરી બેક અપ આપવા છતા પણ – મીટર નો ડિસ્પ્લે ડીસ એપીયર '' જણાયેલ હતો. તેમજ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન એમ.આર.આઈ. અહેવાલ પણ ડાઉનલોડ થઈ શકેલ ન હતો. જેથી, સદર મીટર ને, સીકયોર કંપની સમક્ષ રજુ કરી અને, મીટર ની ગુણવતા યુકત તાંત્રીક ચકાસણી કરી, એમ.આર.આઈ. અહેવાલ મેળવી, અને તે મુજબ મીટર ની ખરી તાંત્રીક સ્થિતી બાબતે નો અભિપ્રાય મેળવવા નુ નકકી થયેલ હોય, જેથી સદર મીટર ને – સીકયોર કંપની સમક્ષ રજુ કરાયેલ હતુ. |
| **૨.૩** | ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, મીટર કંપની મા મોકલાયેલ સદર મીટર નો, મીટર બનાવટર એવી સીકયોર કંપની તરફથી, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ થયેલ હતો. જે મુજબ, સદર મીટર મા તા.૨૧–૦૬–૧૪ ના રોજ છેલ્લા ૧૫૨૦૫૯ રીડીંગ રેકર્ડ થયેલ હોવાની બાબત, સીકયોર કંપની તરફથી પીજીવીસીએલ ને પાઠવવામા આવેલ, તા.૧૦–૦૯–૧૪ ના – ઈ–મેઈલ મા વર્ણવેલ છે. આ મુજબ, સદર મીટર મા (૧) તા.૦૧–૦૬–૧૪ ના રોજ ૧૫૧૫૯૪ યુનીટ (૨) તા.૧૪–૦૬–૧૪ ના રોજ ૧૫૧૯૦૭ યુનીટ (૩) તા.૨૧–૦૬–૧૪ ના રોજ ૧૫૨૦૪૧ યુનીટ – જે ૧૧૫.૨૦ કીવો એમ.ડી. સાથે જણાયેલ હતા. તા.૨૧–૦૬–૧૪ ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે સદર મીટર મા છેલ્લા રીડીંગ ૧૫૨૦૫૯ નોંધાયેલ જણાયેલ હતા. આમ, સદર મીટર મા તા.૧૪–૦૬–૧૪ થી તા.૨૧–૦૬–૧૪ સુધી ના ૦૭ દિવસો દરમ્યાન ૧૫૨ યુનીટ ( હાલ ના ૧૫૨૦૫૯ – અગાઉ ના ૧૫૧૯૦૭ = ૧૫૨ યુનીટ ) નોંધાયેલ જણાયેલ હતા. આમ, તા.૨૫–૦૮–૧૪ ના રોજ સ્થળ ઉપર થી ઉતારેલ હતુ, તે પહેલાના – તા.૨૧–૦૬–૧૪ ના દિવસ સુધી જ, સદર મીટર મા '' KWH અનેMD '' જે બીલકુલ યોગ્ય અને વ્યવસ્થિત રીતે નોંધાયેલ હતા. તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી ના કુલ ૦૨ માસ દરમ્યાન, સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મા, કોઈપણ પ્રકાર ની ( '' KWH અનેMD '' ) ની નોંધણી જણાયેલ નથી. આમ, સદર એમ.આર.આઈ. અહેવાલ ની વિગતો અભ્યાસે લેતા, મીટર મા તા.૨૧–૦૬–૧૪ ના દિવસ સુધી જ ( '' KWH અનેMD '' ) ની નોંધણી મળેલ હોય, સદર બાબત ને આનુષાંગીક રહેતા, તા.૨૧–૦૬–૧૪ ના દિવસ સુધી મીટર તાંત્રીક રીતે યોગ્ય હોવાનુ પીજીવીસીએલ ને જણાયેલ છે. |
| **૨.૪** | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ને સવાલવાળા ૦૩ વીજબીલો, '' તાંત્રીક રીતે ક્ષતિગ્રસ્ત '' મીટર ની સ્થિીતી હેઠળ ના અપાયેલ હોય, સદર ૦૩ બીલો ને ન્યાયિક રીતે મુલવવા માટે ના કારણોસર, સદર મીટર ની ખરી તાંત્રીક સ્થિીતી ( તાંત્રીક રીત યોગ્ય / ક્ષતિગ્રસ્ત ) જાણવી જરૂરી હોવા બાબતે ના પીજીવીસીએલ ને ફોરમ કમિટી તરફથી આદેશાત્મક સુચન થયેલ હતુ. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર સવાલવાળા મીટર ને, ફરી એક વખત, મીટર બનાવટ કંપની સમક્ષ રજુ કરાયેલ હતુ. અને, ખાસ કરીને, તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી ના કુલ ૦૨ માસ ના સમયગાળા દરમ્યાન, '' મીટર મા, કઈ પ્રકાર ની ટેકનીકલ બાબતે ના કારણોસર, નોંધણી થયેલ નથી કે અન્ય ? આ સમય દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય હતુ કે અન્ય ? અથવા તો, કોઈ ચોકકસ પ્રકાર ની મીટર ની આંતરીક રચના ની તાંત્રીક ખામી ના કારણોસર ક્ષતિગ્રસ્ત હતુ કે અન્ય ? '' વગેરે બાબત ની વિસ્તૃત સ્પષ્ટતાઓ,'' મીટર બનાવટ સીકયોર કંપની '' પાસેથી મેળવવા મા આવેલ હતી. જેના અનુસંધાને, '' સીકયોર કંપની '' મારફત, ફરી એક વખત '' સવાલવાળા મીટર ની ગુણાત્મક રીત ની – ખાસ તાંત્રીક ચકાસણી '' કરાયેલ હતી. જે '' મીટર ની ખરી તાંત્રીક સ્થિીતી નો ખાસ અભિપ્રાય સીકયોર કંપની'' તરફથી જે નીચેના મુદદા નં. : ૨.૫ મુજબ સંપન્ન થયેલ છે. |

| | |
|---|---|
| ૨.૫ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, સીક્યોર કંપની તરફથી તા.૨૯–૧૧–૧૬ ના રોજ ના ઈ–મેઈલ મારફત, પીજીવીસીએલ ને, સદર મીટર સબંધક, જે ખાસ અભિપ્રાય મળેલ છે, તે અભિપ્રાય – '' Meter get "No display" due to diodes and resistor found burnt in this meter ( Meter was faulty). Data not retrieved for the period between 21.08.14 to 25.08.14. Data retrieved up to 21.06.14'' - મુજબ નો છે.એટલેકે ''સદર સીક્યોર કંપની ના સવાલવાળા મીટર નં. પીજી ૧૧૬૯૬૭ મીટર નો, એમ.આર.આઈ. ડેટા ,જે તા.૨૧–૦૬–૧૪ સુધી જ મળી શકેલ છે. પરંતુ, મીટર ની અંદર નો ડાયોટ અને રજીસ્ટર બળી જવાના કારણોસર, તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી ના, ૦૨ માસ સુધીના સમયગાળા નો એમ.આર.આઈ. ડેટા મળી શકેલ નથી. '' આમ, મીટર બનાવટ કંપની ના, આ મુજબ ના અભિપ્રાય પ્રમાણે, '' સદર સવાલવાળુ મીટર, જે તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી ના, ૦૨ માસ સુધી સ્પષ્ટ રીતે ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ છે.'' જેથી, ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ એવા સદર મીટર ના સમયગાળા દરમ્યાન, જીઈઆરસી ના ધારાધોરણ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ મા અપાયેલ સવાલવાળા ૦૩ વીજબીલો ( જુલાઈ–૧૪, ઓગષ્ટ–૧૪ અને સપ્ટેમ્બર–૧૪ ) જે, ક્ષતિગ્રસ્ત મીટર અન્વયે ના '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ ની સરેરાશ ૧૯૯૫૨ યુનીટ મુજબ જ અરજદાર શ્રી ને અપાયેલ હોય, તે વીજબીલો યોગ્ય હોવાનો, અત્રે તરફથી ફોરમ સમક્ષ અભિપ્રાય વ્યક્ત કરવામા આવે છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૨ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી લેવાયેલ ખાસ નોંધ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર નુ સવાલવાળુ ક્ષતિગ્રસ્ત મીટર, જે – માહે જુલાઈ–૧૪ નુ ૧૯,૯૫૦ યુનીટ નુ, ક્ષતિગ્રસ્ત બીલીગ મુજબ નુ બીલ, જે તા.૧૪–૦૭–૧૪ ના રોજ મળ્યા તારીખે જ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના જોડાણ નુ સદર ક્ષતિગ્રસ્ત મીટર બદલાવવા માટે ની વિધીસર ની અરજી, જે સદર જુલાઈ–૧૪ નુ બીલ મળ્યા તા.૧૪–૦૭ –૧૪ ના દિવસે જ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા નોંધાવેલ હતી. પીજીવીસીએલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૧૦/૨૦૦૫ (સ્ટાન્ડર્ડ ઓફ પરફોર્મન્સ) મા કરાયેલ જોગવાઈ મુજબ, ક્ષતિગ્રસ્ત મીટર ની જાણકારી સબંધક ફરીયાદ નોંધાયા બાદ દિન–૦૭ મા જ, ક્ષતિગ્રસ્ત મીટર બદલવાની નિયત માર્ગદર્શીકા પીજીવીસીએલ મા અમલવારી મા છે. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ની બેદરકારી ના કારણોસર, સવાલવાળુ ક્ષતિગ્રસ્ત મીટર બદલાવવા માટે ની– ફરીયાદી અરજદાર શ્રી ની, પીજીવીસીએલ મા અપાયેલ તા.૧૪–૦૭–૧૪ ની અરજી પછી પણ– ત્વરીતે બદલાયેલ ન હતુ. અને સદર ક્ષતિગ્રસ્ત મીટર, જે ફરીયાદી અરજદાર શ્રી ની નોંધાયેલ અરજી તા.૧૪–૦૭–૧૪ પછી ના, ૪૨ દિવસો બાદ, એટલેકે તા.૨૫–૦૮–૧૪ ના રોજ બદલાવવામા આવેલ હતુ. આમ, સદર ક્ષતિગ્રસ્ત મીટર, જે માહે ઓગષ્ટ–૧૪ અને માહે સપ્ટેમ્બર– ૧૪ ના કુલ ૦૨ બીલીગ સમયગાળા દરમ્યાન, જે માત્ર પીજીવીસીએલ ની સબંધક કચેરી ના બેદરકારીયુક્ત કારણોસર જ, અરજદાર શ્રી ના સ્થાપન પર હૈયાત રહેલ હતુ. પીજીવીસીએલ ની સબંધક કચેરી ની આવી દુર્લક્ષતાયુક્ત ફરજ ના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર જોડાણ મા, પીજીવીસીએલ તરફથી, જુલાઈ–૧૪ નુ, ૧૯,૯૫૦ યુનીટ નુ, ક્ષતિગ્રસ્ત મીટર સ્ટેટસ હેઠળ નુ બીલ મળ્યા અપાયા બાદ, ક્ષતિગ્રસ્ત સ્ટેટસ હેઠળ ના, વધારાના એવા ૦૨ બીલો ( (૧) માહે ઓગષ્ટ–૧૪નુ, ૧૯,૯૫૦ યુનીટ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, જે તા.૧૩–૦૮–૧૪ ના રોજ બીલીગ થયેલ હતુ. તેમજ (૨) માહે સપ્ટેમ્બર–૧૪નુ, ૧૯,૯૫૦ યુનીટ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, જે તા.૧૩–૦૯–૧૪ ના રોજ બીલીગ થયેલ હતુ.) અપાયેલ હતા. પીજીવીસીએલ ની સબંધક કચેરી ની બેદરકારી તેમજ, અને વીજ ગ્રાહક ની સેવાકીય ખામી બાબતે ની સદર કાર્યવાહી ની ફોરમ કમિટી તરફથી ગંભીર નોંધ લેવાયેલ છે. |

| | |
|---|---|
| ૩.૩ | ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ના, તા.૨૫–૦૮–૧૪ ના રોજ સ્થળ પર થી ઉતારાયેલ અને પેપર પેક કરાયેલ સવાલવાળા સીકયોર કંપની ના મીટર નં. પીજી ૧૧૬૯૬૭ ને પીજીવીસીએલ ની જુનાગઢ ખાતે ની લેબોરેટરી મા તા.૧૩–૧૦–૧૪ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીગ દરમ્યાન, સદર મીટર નો, બેટરી મોડ પર ડિસ્પ્લે જાણવા છતા, ડિસ્પ્લે મળેલ ન હતો. આવા, મીટર મા ડિસ્પ્લે મળેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, સદર મીટર ને, વિશેષ તાંત્રીક ચકાસણી અર્થે સીકયોર કંપની મા મોકલી આપવામા આવેલ હતુ. સીકયોર કંપની તરફથી, સદર સવાલવાળા મીટર નં. પીજી ૧૧૬૯૬૭ ની, મીટર બનાવટ કંપની ની કક્ષાએથી ચકાસણી કરવામા આવેલ હતી. તેમજ, એમ.આર.આઈ. અહેવાલ પણ ડાઉનલોડ કરાયેલ હતો. સીકયોર કંપની દ્વારા ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગત મુજબ, ''સદર મીટર મા, તા.૨૧–૦૬–૧૪ સુધી નો યુનીટ વીજવપરાશ ડેટા મળી આવેલ છે. જે મુજબ, તા.૨૧–૦૬–૧૪ ના રોજ સદર મીટર મા ૧૫૨૦૫૯ યુનીટ નોંધાયેલ હતા. તેમજ, ૧૧૫.૨૦ કીવો એમ.ડી. નોંધાયેલ હોવાની બાબત, સદર ડાઉનલોડ થયેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ હતી. આમ, સદર મીટર તા.૨૧–૦૬–૧૪ સુધી, જોડાયેલ વીજવપરાશી વીજભાર સામે યોગ્ય રીતે યુનીટ નોંધતુ હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. પરંતુ, તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી ના સમયગાળા દરમ્યાન, સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મા યુનીટ ડેટા ની નોંધણી થયેલ હોવાની બાબત જણાયેલ ન હતી. |
| ૩.૪ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, સદર મીટર મા, તા.૨૧–૦૬–૧૪ થી મીટર ઉતાર્યા તા.૨૫–૦૮–૧૪ સુધી મા, એમ.આર.આઈ. અહેવાલ મા કોઈ ડેટા રેકોર્ડીગ થયેલ ન હોવાના કારણોસર, સદર મીટર નુ ખરૂ સ્ટેટસ ( તાંત્રીક રીતે યોગ્ય / ક્ષતિગ્રસ્ત), પીજીવીસીએલ તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ દ્વારા સદર મીટરને ફરી એક વખત, સીકયોર કંપની સમક્ષ રજુ કરી, અને મીટર ની ખરી તાંત્રીક સ્થીતી બાબતે નો અભિપ્રાય, જે પીજીવીસીએલ દ્વારા સીકયોર કંપની પાસેથી માંગવામા આવેલ હતો. જેના અનુસંધાને, મીટર બનાવટ સીકયોર કંપની તરફથી, ફરી એક વખત સદર સીકયોર કંપની ના મીટર નં. પીજી ૧૧૬૯૬૭ ને, ગુણવતાયુકત તાંત્રીક ચકાસણી કરી અને, પીજીવીસીએલ ને, તા.૨૯–૧૧–૧૬ ના રોજ ના ઈ–મેઈલ મારફત, જે અભિપ્રાય રજુ કરાયેલ છે, તે અભિપ્રાય મુજબ, '' Meter get "No display" due to diodes and resistor found burnt in this meter ( Meter was faulty). Data not retrieved for the period between 21.08.14 to 25.08.14. Data retrieved up to 21.06.14'' સદર મીટર ની તાંત્રીક સ્થીતી જણાયેલ છે. સીકયોર કંપની તરફથી તા.૨૯–૧૧–૧૬ ના રોજ ના ઈ–મેઈલ મા, પીજીવીસીએલ સમક્ષ રજુ થયેલ અભિપ્રાય મુજબ, '' સદર મીટર, સ્પષ્ટરીતે ક્ષતિગ્રસ્ત '' જાહેર થયેલ છે. જે ફોરમ કમિટી માન્ય રાખે છે. |
| ૩.૫ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ વાળુ સવાલવાળુ, સીકયોર કંપનીનુ મીટર નં. પીજી ૧૧૬૯૬૭, જે ''સ્પષ્ટપણે ક્ષતિગ્રસ્ત '' જાહેર થયેલ હોય, ક્ષતિગ્રસ્ત મીટર ના હૈયાતી ના સમયગાળા દરમ્યાન નુ બીલીગ, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ અને ૬.૫૯ મા કરાયેલ જોગવાઈ મુજબ ''(અ) ક્ષતિગ્રસ્ત મીટર ઉતાર્યા પહેલાના– સ્થાપન પર હૈયાત રહેલ એવા તાંત્રીક રીતે યોગ્યતા વાળા મીટર ના સમયગાળા ના ૦૩ બીલીગ અન્વયે ની પ્રતિ બીલ સરેરાશ ના આધારે / (બ) જો આમ શકય ન હોય તો, સ્થાપન પરથી ક્ષતિગ્રસ્ત મીટર ઉતારી અને તાંત્રીક રીતે યોગ્ય એવા લગાડવામા આવેલ નવા મીટર મા, મીટર લગાડયા પછી ના ૦૩ બીલીગ અન્વયે ની પ્રતિ બીલ સરેરાશના આધારે / (ક) તદ ઉપરાંત, ક્ષતિગ્રસ્ત મીટર ના, જે બીલીગ સમયગાળા દરમ્યાન, સદર ક્ષતિગ્રસ્ત મીટર મા – એમ.ડી. / કેવીએચ– રેકોર્ડીગ થયેલ ન હોય તો, આવા સંજોગોમા, ક્ષતિગ્રસ્ત મીટર ઉતાર્યા અગાઉ ના ૦૧ વર્ષ દરમ્યાન ના– આજ બીલીગ સમયગાળા મા, જણાયેલ ખરેખર અધિકતમ એમ.ડી. અને કેડબલ્યુએચ ના આધારે / (ડ) તેમજ, જો આમ પણ શકય ન હોય તો, આગલા વર્ષ ના આ જ સમયગાળા ના બીલીગ દરમ્યાન સ્થપાયેલ – સરેરાશ અધિકતમ એમ.ડી. અને તેની સામે નોંધાયેલ અધિકતમ કેડબલ્યુએચ– રીડીગ ના ધોરણે'' ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના વીજબીલો રીવાઇઝ કરી શકાય. તે મુજબ નુ માર્ગદર્શન છે. |

**૩.૬** ઉપરોક્ત મુદદા નં. ૩.૫ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, ક્ષતિગ્રસ્ત મીટર ના હૈયાતી ના સમયગાળા મા, વીજબીલીગ કરવાની જોગવાઈઓ ને અનુલક્ષીને, સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને જણાયેલ છે કે, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે '' મુખ્યત્વે ઓઈલ ( ખાદ્યતેલ) – સીગદાણા, કપાસીયા, રાયડો વગેરેના પીલાણ દ્વારા – ખાદ્યતેલ નુ ઉત્પાદકીય એવુ'' યુનીટ છે. સદર ખાદ્યતેલ ની ઉત્પાદન ની સીઝન– જે કાચામાલ ની, ખેત પેદાશ ની ઉપલબ્ધી વાળો સમયગાળો – માહે માહે નવેમ્બર થી માહે એપ્રીલ સુધી ના ૦૬ માસ નો મુખ્યત્વે છે. જ્યારે, માહે મે થી ઓકટોબર સુધીના ૦૬ માસ સુધી સદર ખેતપેદાશ ની ઉપલબ્ધી ન હોય, એટલેકે ચોમાસાની સીઝન હોવાના કારણોસર, મહદઅંશે – ઓફસીઝન હોય છે. ફરીયાદી અરજદાર શ્રી ની સદર બાબત, ફોરમ કમિટી ને મહદઅંશે સ્વીકારવા યોગ્ય જણાતા, ફોરમ કમિટી તરફથી, સદર જોડાણ મા, ખાસ કરીને, સવાલવાળુ મીટર બદલાવ્યા પહેલાના અને પછીના એવા સમયગાળા – એટલેકે વર્ષ–૨૦૧૧ થી, વર્ષ–૨૦૧૬ સુધી ના, ૦૬ વર્ષ ના '' ઓફ સીઝન ના – ખાસ કરીને, સવાલવાળા (૧) જુલાઈ (૨) ઓગષ્ટ અને (૩) સપ્ટેમ્બર '' ના બીલીગ ઈતીહાસ ની વિગતો અભ્યાસે લેતા, નીચે વર્ણવ્યા મુજબ ના મુદદા નં. ૩.૭ મુજબ ની વિગતો, ફોરમ કમિટી ને જણાયેલ છે.

**૩.૭**

| ક્રમ | વર્ષ | બીલીગ માસ | વીજવપરાશી યુનીટ | વીજવપરાશી વીજભાર (એમડી – કેડબલ્યુએ) | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કોન્ટ્રાકટ ડિમાન્ડ | એક્ચ્યુઅલ ડિમાન્ડ | બીલીગ ડિમાન્ડ | |
| ૧ | ૨૦૧૧ | જુલાઈ | ૫૦૪૦ | ૭૧.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ઓફ સીઝન મુજબ નો વીજવપરાશી જણાયેલ છે. |
| | | ઓગષ્ટ | ૦૦૦૦ | ૭૧.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૦૦૦૦ | ૭૧.૦૦ | ૦૦.૦૦ | ૬૧.૦૦ | |
| ૨ | ૨૦૧૨ | જુલાઈ | ૧૭૯૦ | ૭૧.૦૦ | ૦૦.૦૦ | ૬૦.૫૦ | ઓફ સીઝન મુજબ નો વીજવપરાશી જણાયેલ છે. |
| | | ઓગષ્ટ | ૦૦૧૭ | ૭૧.૦૦ | ૬૭.૦૦ | ૬૭.૦૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૦૮૪૦ | ૭૧.૦૦ | ૪૦.૨૦ | ૬૦.૫૦ | |
| ૩ | ૨૦૧૩ | જુલાઈ | ૦૦૦૦ | ૭૧.૦૦ | ૦૧.૦૦ | ૬૦.૫૦ | ઓફ સીઝન મુજબ નો વીજવપરાશી જણાયેલ છે. |
| | | ઓગષ્ટ | ૦૧૧૦ | ૭૧.૦૦ | ૦૧.૦૦ | ૬૦.૫૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૨૬,૩૩૩ | ૭૧.૦૦ | ૦૦.૦૦ | ૬૦.૫૦ | મીટર બદલાવેલ છે. |
| ૪ | ૨૦૧૪ | જુલાઈ | ૧૯૯૫૦ | ૭૨.૦૦ | ૦૪.૦૦ | ૬૧.૫૦ | <u>ફરીયાદ વાળા ૦૩ ફોલ્ટી મીટર સ્ટેટસ ના વીજબીલો</u> |
| | | ઓગષ્ટ | ૧૯૯૫૦ | ૭૨.૦૦ | ૦૦.૦૦ | ૬૧.૫૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૧૯૯૫૦ | ૭૨.૦૦ | ૦૦.૦૦ | ૬૧.૫૦ | |
| ૫ | ૨૦૧૫ | જુલાઈ | ૫૬૮ | ૭૨.૦૦ | ૦૩.૪૦ | ૬૧.૫૦ | ઓફ સીઝન મુજબ નો વીજવપરાશી જણાયેલ છે. |
| | | ઓગષ્ટ | ૫૧૬ | ૭૨.૦૦ | ૦૨.૦૦ | ૬૧.૫૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૫૧૫ | ૭૨.૦૦ | ૦૩.૦૦ | ૬૧.૫૦ | |
| ૬ | ૨૦૧૬ | જુલાઈ | ૫૭૧ | ૭૨.૦૦ | ૦૮.૦૦ | ૬૧.૫૦ | ઓફ સીઝન મુજબ નો વીજવપરાશી જણાયેલ છે. |
| | | ઓગષ્ટ | ૭૫૦ | ૭૨.૦૦ | ૦૦.૦૦ | ૬૧.૫૦ | |
| | | સ્પ્ટેમ્બર | ૧૩૩૭ | ૭૨.૦૦ | ૦૪.૦૦ | ૬૧.૫૦ | |

**૩.૮** આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૭ મુજબ નો, સદર જોડાણ નો, ૦૬ વર્ષ નો બીલીગ ઈતિહાસ અભ્યાસે લેતા, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર જોડાણ, – જે ખાસ કરીને, પ્રતિ વર્ષ, (૧) જુલાઈ(૨) ઓગષ્ટ(૩) સપ્ટેમ્બર ના ૦૩ માસ દરમ્યાન, મહદઅંશે – ઓફ સીઝનલ મુજબ નુ ઉત્પાદકીય – વીજવપરાશ મુજબ નુ હોવાનુ સ્પષ્ટ થયેલ છે. ખાસ કરીને ઉપરોક્ત ૦૬ વર્ષ નો બીલીગ ઈતીહાસ અભ્યાસે લેતા, પ્રત્યેક વર્ષ ના સવાલવાળા (૧) જુલાઈ(૨) ઓગષ્ટ(૩) સપ્ટેમ્બર ના ૦૩ માસ દરમ્યાન, '' ન્યુનતમ એકચ્યુઅલ ડિમાન્ડ (એમ.ડી.) અને ન્યુનતમ વીજવપરાશી યુનીટ '' જણાયેલ છે. આ તમામ બાબતો અભ્યાસે લેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા, વર્ષ–૨૦૧૪ ના આજ સમયગાળા ના એટલેકે (૧) જુલાઈ(૨) ઓગષ્ટ(૩) સપ્ટેમ્બર ના ૦૩ માસ દરમ્યાન ના, સવાલવાળા ૧૯,૯૫૦ યુનીટ ના, સદર ૦૩ વીજબીલો, જે સવાલવાળુ મીટર બદલાવ્યા પહેલાના ૦૩ માસ ના બીલીગ અન્વયે ના, સરેરાશ વીજવપરાશી યુનીટ ના ધોરણે આપવાને બદલે, નીચે ના મુદદા નં. ૩.૯ મુજબ ની વિગતે રીવાઇઝ કરવાની બાબત, જે ફોરમ કમિટી ને, <u>'' ઉપરોક્ત મુદદા નં. ૩.૫ મા કરાયેલ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની જોગવાઈઓ મુજબ, એટલેકે (૧) ક્ષતિગ્રસ્ત મીટર ના, જે બીલીગ સમયગાળા દરમ્યાન, સદર ક્ષતિગ્રસ્ત મીટર મા – એમ.ડી. / કેવીએચ– રેકોર્ડીગ થયેલ ન હોય તો, આવા સંજોગોમા, ક્ષતિગ્રસ્ત મીટર ઉતાર્યા અગાઉ ના ૦૧ વર્ષ દરમ્યાન ના– આજ બીલીગ સમયગાળા મા, જણાયેલ ખરેખર અધિકતમ એમ.ડી. અને કેડબલ્યુએચ ના આધારે / (૨) તેમજ, જો આમ પણ શકય ન હોય તો, આગલા વર્ષ ના આ જ સમયગાળા ના બીલીગ દરમ્યાન સ્થપાયેલ – સરેરાશ અધિકતમ એમ.ડી. અને તેની સામે નોંધાયેલ અધિકતમ કેડબલ્યુએચ– રીડીગ ના ધોરણે'' ક્ષતિગ્રસ્ત મીટર ના સમયગાળા ના વીજબીલો રીવાઇઝ કરી શકાય ''</u> – સદર કેઈસ મા, ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે.

| | |
|---|---|
| ૩.૯ | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૮ મા વર્ણવ્યા મુજબ ની વિગતો, ધ્યાને લેતા, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ પ્રત્યેક એવા સવાલવાળા (૧) જુલાઈ–૧૪ (૨) ઓગષ્ટ–૧૪(૩) સપ્ટેમ્બર–૧૪ ના ૦૩ વીજબીલો, જે ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૧૯,૯૫૦ યુનીટ ના વીજબીલો, જે ૧૯,૯૫૦ યુનીટ ને બદલે, સદર જોડાણ મા, ઉપરોકત મુદદા નં. ૩.૭ મા વર્ણવ્યા મુજબ ની વિગતેના, સદર જોડાણ મા, દર્શાવ્યા મુજબ ના ૦૬ વર્ષ ના બીલીગ ઈતીહાસ દરમ્યાન ના, જુલાઈ–૧૧ ના માસ મા જણાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા વિશેષતમ ૫૦૪૦ યુનીટ ના ધોરણે, સદર પ્રત્યેક એવા– (૧) જુલાઈ–૧૪ (૨) ઓગષ્ટ–૧૪(૩) સપ્ટેમ્બર–૧૪ ના ૦૩ વીજબીલો – જે રીવાઇઝ કરી, અને અરજદાર શ્રી ને લેખીત પત્ર સાથે, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૯ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા પ્રત્યેક એવા– (૧) જુલાઈ–૧૪ (૨) ઓગષ્ટ–૧૪(૩) સપ્ટેમ્બર–૧૪ ના ૦૩ વીજબીલો, જે ૧૯,૯૫૦ યુનીટ ની ગણતરી ને બદલે, પ્રત્યેક બીલ ને ૫૦૪૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ મુજબ રીવાઇઝ કરી, અને અરજદાર શ્રી ને લેખીત પત્ર સાથે, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..